

Akshardham

Monthly bulletin for Divine Message of
Spiritual Relationship ¤ Friendship ¤ Love

Vol. 222 January 2012

॥ સ્વામિશ્રીજી ॥

## નૂતન પ્રારંભ

જાગ્યા ?
તો ત્યાંથી જ સવાર...
આજથી જ નવું દિવ્ય જીવન...
ગઈ કાલની ક્ષણોના કણો તો સમયના પ્રવાહમાં વહી ગયા
પણ આજનો આરસપહાણ હજુ આપણા પગની નીચે છે.
સત્કર્મનાં ટાંકણાં વડે એમાંથી એક અનેરા જીવનશિલ્પનું સર્જન કરીએ...

ભૂતકાળમાંથી શીખીએ, ભવિષ્યનું આયોજન ઘડીએ,
પણ જીવીએ તો વર્તમાનમાં જ...

કોની સાથે ?
સર્વોપરી પ્રભુ, પ્રગટ છે છે ને છે જ...
હૃદયમાં એ પ્રગટ સ્વરૂપોની સ્મૃતિ–આશિષ–કૃપા–અનુગ્રહને અને
નામ (મંત્રજપ) સ્મરણ સાથે
તેમના જ મહિમા ને માહાત્મ્યના જ સતત વિચાર સાથે...
આ જ ધ્યાન ને અંતદષ્ટિ = આત્મનિરિક્ષણ કે પછી
પ્રાયશ્ચિતરૂપ પ્રાર્થના...
સમસ્યાઓના વંટોળિયા બહુ આવે છે ?
આટલું યાદ રાખીએ કે
વંટોળિયા પોતાના જોશથી જ ખેંચાઈ જાય છે.
પ્રત્યેક પ્રશ્ન પોતાનો જવાબ લઈને આવે છે.
આ જ્ઞાનના પ્રકાશમાં એક નિશ્ચિંત જીવનનો
મંગળ પ્રારંભ કરીએ...



**Happy New Year, જય સ્વામિનારાયણ...**

(પ.પૂ. કાકાજી)

## An Homage to P.P. Haribhai Saheb

The frontline Chief and a towering personality among the most trusted army of B.S. Yogiji Maharaj, a lieutenant most dear to H.D. Kakaji and H.D. Pappaji; the most beloved soulmate of H.D. Hariprasadswamiji, H.D. Aksharvihariswamiji, H.D. Jashbhai Saheb, P.P. Guruji, P.P. Nirmalswamiji and other Gunatit Saints, a Guide and Inspirer to many a Sadhak Yuvako, Sisters and dedicated householders, a divine torch bearer and a pillar of the Gunatit Samaj, **H.D. Haribhai Saheb** left for his abode in Akshardham on **Sunday, 18th Dec. 2011.**

What can we possibly offer by way of homage to the great man, every moment of whose life was a devotional offering at the feet of the Guruhari and the Gurujan ?

Haribhai Saheb was born on **29th Dec. 1936,** in the home of P. Devshibapa. Due to the devotion of Devshibapa and his sons Haribhai and Kurjibhai, in 1954, the very first Akshar Purushottam youth center was established in Manavadar. Then, to fulfill Yogi Bapa's wish to initiate 51 educated youths in 1961, Haribhai Saheb totally supported Kakaji in that mission as well. Due to Haribhai's incessant and meticulous efforts, many youths from Manavadar became saints - including his brother (P. Kothariswamiji, Haridham). Thus, Haribhai Saheb is at the foundation of Yogi Bapa's wish to have youth centers and educated youth saints. No wonder, just as Kakaji was called 'Junior Yogi Bapa', Haribhai Saheb was called **'Junior Kakaji' !**

Even after 1966, Haribhai Saheb continued spreading the glory of Aksharpurushottam and worked tirelessly to fulfill Yogi Bapa, Kakaji, Pappaji and all Gunatit Saints' wishes. In the last several years, Haribhai Saheb gave much bliss to the devotees of Powai by staying there and recalling incidents with Bapa and Kakaji. In 2008, he visited to Paris, UK and USA to attend the opening celebrations of Maitri Milan Mahotsav in USA.

Through all the ups and downs of life and all the unfavourable circumstances he set an ideal for others by living an inspiring life with such equanimity that exhibited excellent understanding of the all-pervasive and all-powerful nature of God. His wife P.B. Rambhaben like a true life-partner complemented him perfectly and did full justice to different roles like Wife, Housekeeper and a Mother. Together they came to be regarded as 'The Ideal Ekantik Couple among the Householders'. He discharged his duties as a real parent only too well by inspiring his three children (two daughters, P. Sheelaben and P. Yoginaben of Gunatit Jyot and son P. Ashokbhai of Anoopam Mission, Mogri) to walk the spiritual path.

Such a great Ekantik Gunatit Torchbearer will always be missed by the Gunatit Samaj. We offer a prayer at the feet of Bhagwan Swaminarayan, all the Gunatit Swaroopo and Haribhai himself that taking a cue from his life-story may we imbibe at least a small fraction of his philosophy, his way of life and fulfill our lives with devotion to the Guru and service of his devotees exactly the way Haribhai did.

Upon hearing of the passing away of Haribhai Saheb; P. Bharatbhai, P. Rajubhai Thakkar and P. Ashwinbhai left for Manavadar the same evening to attend his last rites and to offer eulogy to him on behalf of all the mukto from Powai.

P.P. Dinkarbhai returned to India on the night of the 14th Dec. to participate in the numerous events of the Gunatit Samaj that will take place in the coming months. It speaks volumes of his love for the glory of satsang that he is on a visit to India yet again in just three weeks' time. On the 18th Dec. when the news of Haribhai's passing away came; a sabha specially called to welcome Dinkarbhai was converted into a Memorial Meeting and tributes were offered to

Haribhai Saheb. Girishbhai, Jadavjibhai, Vashibhai, Bapu and Dinkarbhai threw light on Haribhai Saheb's virtues and characteristics through several known and hitherto unknown incidents and remembered the invaluable contributions made by him to the making and development of the Gunatit Samaj.

## What's On !

- The last **Bhajan Sandhya** of the year **2011** took place in the evening of **Wednesday, 7th Dec.** at the Akshardham Temple, Powai with **'Avsar'** (Opportunity) as the theme. P. Vashibhai began with the bhajans written by the **Paramhanso** during the time of Shreeji Maharaj and then moved on to the contemporary bhajans written on the topic of 'Avsar'; explaining beautifully the purport of each bhajan prior to its presentation and made the Bhajan Sandhya a memorable occasion for all.

Everybody made the most of the presence and the blessings of P. Mahendrabapu who arrived here on the night of 3rd Dec. At the time of his blessings everyone felt fortunate to have witnessed the highest regard and glorified light in which Bapu held those devotees who are even remotely connected to Kakashri. P. Bharatbhai explained through numerous illustrative examples, how to seize the moment of opportunity and use it in fulfillment of the wishes of the great saints.

- On morning of **Sunday, 11th Dec.** P. Vashibhai, P. Ashwinbhai and P. Arunbhai with nearly 40 yuvako connected to the Powai Temple visited many places in Mumbai graced by B.S. Shastriji Maharaj and B.S. Yogiji Maharaj and took everyone on a trip down the memory lane. Beginning with the **Swaminarayan Mandir** run by the Vadtal Board in the 3rd Bhoiwada in South Mumbai, the **Suryanarayan Wadi** behind Panjarapol, the famous **Kapol Wadi** at the 2nd Panjarapol, **Morar Baug** at C.P. Tank Circle and lastly the **Tardeo Temple;** all the yuvako got a wonderful peek at the history of development of Swaminarayan Sect in Mumbai.

In about 3 hours everyone had a journey into the past and everyone was thrilled to witness the 3 stages of history of the **Aksharpurushottam Sanstha** and the **Gunatit Samaj,** namely **1947 to 1961, 1961 to 1966** and **1966** to the present date.

## પ.પૂ. હરિભાઈ સાહેબને ભાવાંજલિ

બ્ર.સ્વ. યોગીજી મહારાજના મરજીવાની સેનાના પ્રથમ પંક્તિના સેનાની અને મહારથી, બ્ર.સ્વ. કાકાજી અને બ્ર.સ્વ. પપ્પાજીના પરમ લાડીલા આપ્તજન, પ્ર.બ્ર.સ્વ.પ.પૂ. સ્વામીજી, પ્ર.બ્ર.સ્વ.પ.પૂ. અક્ષરવિહારીસ્વામીજી, પ્ર.બ્ર.સ્વ.પ.પૂ. જશભાઈ સાહેબ, પ.પૂ. ગુરુજી, પ.પૂ. નિર્મળસ્વામીજી અને અન્ય ગુણાતીત સત્પુરુષોના પરમ સ્નેહી, આત્મસખા, અનેક સાધક યુવકો, બહેનો અને સમર્પિત ગૃહસ્થ ભક્તોના રાહબર, પથદર્શક અને પ્રેરણામૂર્તિ, ગુણાતીત સમાજના દિવ્ય જ્યોર્તિધર અને મોભી **ભગવત્ સ્વરૂપ હરિભાઈ સાહેબ રવિવાર, તા. ૧૮–૧૨–૨૦૧૧**ના રોજ બપોરે અક્ષર નિવાસી થયા.

જેમના જીવનની પ્રત્યેક પળ ગુરુહરિ અને ગુરુજનોને ચરણે ભક્તિની અંજલિ હોય એવી વિભૂતિને આપણે શું અંજલિ અર્પી શકીએ ?

ભગવાન સ્વામિનારાયણે અનેક વખત પધારી જે ધરતીને તીર્થત્વ અર્પ્યું અને દિવ્ય લીલા ચરિત્રોથી વિભૂષિત કરી તે સૌરાષ્ટ્રના મહાપ્રસાદીના **માણાવદર**માં સત્સંગના મહારથી એવા પૂ. દેવશીબાપાના કુટુંબમાં પ્રાદુર્ભાવ પામ્યા ત્યારથી ગળથૂથીમાં જ શૂરવીરતા, સમર્પણ, હૈયા ઉકલત, સમજણ, ઠરેલપણું, આત્મીયતા વિ. દિવ્ય ગુણોના પિયૂષ પામ્યા અને

તેથી જ યોગીજી મહારાજે પોતાની દિવ્ય કલ્યાણકારી યોજનામાં જાણે પોતાની સાથે જ એમને સર્વોપરી સેવા અર્થે લાવ્યા હોય એમ કિશોર વયના હોવા છતાં વડીલોને પણ વિચારતા કરી મૂકે એવી અદ્ભુત કુનેહ અને કાબેલિયત ધરાવતા હરિભાઈ પર પસંદગીનો કળશ ઢોળ્યો અને 'સોરઠ'ના સત્સંગનું સુકાન સોંપ્યું. સુકાન એટલે યોગીજી મહારાજની દૃષ્ટિવાળા યુવકોને યોગીજીની '૫૧' દીક્ષાર્થીની સેનામાં 'ભરતી' કરવા માટેની ઝુંબેશ, જેમાં તકલીફો, અપમાનો, અવહેલના વિ. અનેક મુસીબતોને ઝીલી તે યુવકો અને તેમનાં માવતર–કુટુંબીઓમાં યોગીજી મહારાજનો મહિમા પ્રસારી તેમની યોજનામાં યાહોમ કરવા કાકાશ્રીએ જે યજ્ઞ આરંભ્યો હતો તેમાં સહુને સામેલ કરવાની જવાબદારી નિભાવવી. સંતત્વ જાણે આ પરિવારની આગવી પિછાણ હોય એમ એમના અનુજ કુરજીભાઈ (પૂ. કોઠારી પુરુષોત્તમચરણસ્વામીજી, હરિધામ) એ પણ યોગીજી મહારાજની મરજી અને કાકાશ્રી પ્રત્યેની વિશિષ્ટ પ્રીતિને વશ થઈ 'પ્રથમ ૫૧માં' ત્યાગાશ્રમ સ્વીકારી એને એવો તો દીપાવ્યો કે સર્વે ગુણાતીત સત્પુરુષોની અંતરની પ્રસન્નતા પામ્યા.

એ ઉપરાંત તે સમયમાં થતાં તમામ સમૈયાઓ, ઉત્સવો, યજ્ઞો વિ.માં પૂર્વતૈયારીથી લઈ સમાપન સુધીની તમામ પ્રકારની સેવામાં માણાવદર મંડળ હરિભાઈ સાહેબના નેતૃત્ત્વ હેઠળ હંમેશાં મોખરે રહેતું અને તેથી જ યોગીજી મહારાજ તથા સર્વે ગુણાતીત સત્પુરુષોની અંતરની પ્રસન્નતા મેળવી હતી.

'વિમુખ પ્રકરણ' વખતે અત્યંત નાજુક સંજોગો અને પરિસ્થિતિમાં પણ કાકાશ્રી અને પપ્પાજીને પડખે અડીખમ ઊભા રહી સહુને 'ભગવાનના લાડીલા આવા પરમ એકાંતિક સત્પુરુષોનો પક્ષ લેવામાં જ બાપાની અંતરની પ્રસન્નતા સમાયેલી છે' એ હાર્દ ઘૂંટાવી, સહુને સાચવી લેવાની અદ્ભુત સેવા બજાવી.

જીવનના અનેક ઉતાર–ચઢાવ અને લૌકિક વિષમ પરિસ્થિતિમાં પણ સદાય ભગવાનના જ અખંડ કર્તાહર્તાપણાની સર્વોત્કૃષ્ટ સમજણ અને સમત્ત્વબુદ્ધિથી સહુને માટે આદર્શ સમાન પ્રેરણાદાયી જીવન જીવ્યા. તેમના પત્ની પ.ભ. રંભાબેને પણ સાચા જીવનસંગીની બની તેમને અપ્રતિમ સાથ અને સહકાર આપી આદર્શ પત્ની, ગૃહિણી અને માતાની ભૂમિકા નિભાવી અને પોતાનાં ત્રણેય સંતાનો (બે દીકરીઓ પૂ. શીલાબેન અને પૂ. યોગીનાબેન (ગુણાતીત જ્યોત) તથા એક દીકરા પૂ. અશોકભાઈ (અનુપમ મિશન, મોગરી)ને અધ્યાત્મ પંથે પદાર્પણ કરવા પ્રેરિત કરી 'સાચા માવતર' તરીકેની જવાબદારી શ્રેષ્ઠ રીતે નિભાવી. એમ બન્નેએ સમગ્ર ગુણાતીત સમાજમાં 'આદર્શ ગૃહસ્થી એકાંતિક યુગલ'નું સન્માન મેળવ્યું.

છેલ્લાં થોડાં વર્ષોથી દરેક વર્ષે લાંબો સમય સુધી પવઈ મંદિરે પધારી સહુ સાધક ભાઈ–બહેનો અને ભક્ત સમુદાયને સત્સંગના સુર્વણમય ઈતિહાસની દિવ્ય સ્મૃતિઓ કરાવતા અને સૌને અદ્ભુત માર્ગદર્શન આપતા. પોતાનાથી ઉંમરમાં ખૂબ નાના એવા સાધક મુક્તો સાથે પણ આત્મીય સંબંધ કેળવી કાકાશ્રી પ્રત્યેની તેમની વિશિષ્ટ પ્રીતિ અને ભક્તિને અભિવ્યક્ત કરતા.

એમના દિવ્ય અને પ્રેરણાદાયી જીવનનાં અનેક પ્રસંગોમાંથી એમની સરળતા, શૂરવીરતા, સમર્પણ, હકારાત્મક માનસિક વલણ (Positive Attitude), સમયસૂચકતા, ઠાવકાઈ, ધીરજ વિ. અનેક દિવ્ય ગુણોનાં દર્શન અને અનુભૂતિ અનેક પરિવારોને થયાં છે. એમની પ્રેરણા અને પીઠબળના પરિપાકરૂપે જ સત્સંગ સમાજમાં માણાવદર મંડળના સાધક મુક્તો (સંતો, વ્રતધારી યુવકો અને દીક્ષિત બહેનો)ની સંખ્યા સૌથી વધુ છે.

આવા પરમ એકાંતિક ગુણાતીત જ્યોતિર્ધરની ખોટ તો ગુણાતીત સમાજને સદાય લાગવાની જ પરંતુ તેમના જીવનમાંથી તેમની જીવનરીતિ અને જીવન ભાવનાનું યત્કિંચિત્ આચમન કરી આપણું જીવન પણ તેમની જેમ ગુરુભક્તિ અને ભક્તોની ભક્તિથી ધન્ય બનાવીએ એ જ ભગવાન સ્વામિનારાયણ તથા સર્વે ગુણાતીત સ્વરૂપો અને હરિભાઈ સાહેબને ચરણે પ્રાર્થના.

પ.પૂ. હરિભાઈ સાહેબના સ્વધામગમનના સમાચાર જાણી પવઈના સહુ મુક્તો વતી તેમને અંતિમ અંજલિ આપવા પૂ. ભરતભાઈ, પૂ. રાજુભાઈ ઠક્કર અને પૂ. અશ્વિનભાઈએ તે જ દિવસે સાંજે માણાવદર જવા પ્રસ્થાન કર્યું.

આગામી મહિનાઓમાં આવતા ગુણાતીત સમાજના વિવિધ ઉત્સવોમાં સહભાગી થવા પ.પૂ. દિનકરભાઈ તા. ૧૪મી ડિસેમ્બરે રાત્રે પુનઃ મુંબઈ પધાર્યા. તા. ૧૮મીએ તેમના સાન્નિધ્યમાં આયોજિત સ્વાગત સભામાં પ.પૂ. હરિભાઈ સાહેબના સ્વધામગમનના સમાચાર મળતાં તે જ સભામાં સહુએ તેમને ભાવાંજલિનો અર્ઘ્ય અર્પ્યો. ગિરિશભાઈ, જાદવજીભાઈ, વશીભાઈ, બાપુ અને દિનકરભાઈએ હરિભાઈ સાહેબના ગુણો અને વિશિષ્ટતાઓનું જુદા જુદા પ્રસંગો દ્વારા ભાવવાહી દર્શન કરાવ્યું અને ગુણાતીત સમાજના સર્જન અને વિકાસ માટે તેમણે આપેલ અતિ અમૂલ્ય યોગદાનની સ્મૃતિ કરી.

# સત્સંગ સમાચાર

★ **ઈ.સ. ૨૦૧૧ની અંતિમ ભજન સંધ્યા બુધવાર તા. ૭મી**એ સાંજે 'અક્ષરધામ' મંદિર પવઈમાં **'અવસર'** એ વિષય પર સંપન્ન થઈ. પૂ. વશીભાઈએ શ્રીજી મહારાજના સમયમાં પરમહંસોએ રચેલાં ભજનોથી શરૂ કરી અત્યાર સુધીનાં આ વિષય પર રચાયેલાં વિવિધ ભજનોની પ્રસ્તુતિ પૂર્વે તેમનાં ભાવાર્થોની સુંદર સમજ આપી સૌને માટે ભજન સંધ્યાનો અવસર સ્મૃતિસભર બનાવી દીધો.

તા. ૩જીની રાત્રે અત્રે પધારેલ **પૂ. મહેન્દ્રબાપુ**ના સાન્નિધ્ય અને આશિષનો સૌને લાભ મળ્યો. તેમના આશિષમાં કાકાશ્રીના સંબંધવાળા ભક્તો પ્રત્યની તેમની માહાત્મ્યસભર દૃષ્ટિનાં દર્શન કરી સહુ ધન્ય થયા. પૂ. ભરતભાઈએ પણ મોટા પુરુષોની રુચિ, રહસ્ય અને અભિપ્રાય સમજી તે ક્ષણ પૂરતી 'વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવાની' વિશિષ્ટ સેવાનાં સાંપ્રદાયિક દૃષ્ટાંતો દ્વારા આ વિષયની યથાર્થ સૂઝ આપી.

★ **રવિવાર તા. ૧૧મી**એ સવારે પવઈ મંદિર સાથે સંકળાયેલ લગભગ ૪૦ યુવકોને પૂ. વશીભાઈ, પૂ. અશ્વિનભાઈ અને પૂ. અરુણભાઈએ બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજ અને બ્ર.સ્વ. યોગીજી મહારાજના વખતનાં મુંબઈનાં કેટલાંક પ્રસાદીનાં સ્થાનોનાં દર્શન સહિત સ્મૃતિયાત્રા કરાવી. વડતાલ ગાદી સંસ્થાન દ્વારા સંચાલિત દક્ષિણ મુંબઈના **ત્રીજા ભોઈવાડાનું મંદિર,** પાંજરાપોળની પાછળની **સૂર્યનારાયણની વાડી,** બીજી પાંજરાપોળની સુપ્રસિદ્ધ **કપોળવાડી, મોરાર બાગ** અને છેલ્લે **તારદેવ મંદિર**ની સ્મૃતિ યાત્રા દ્વારા સહુ યુવકોને મુંબઈમાં સ્વામિનારાયણ સંપ્રદાયના વિકાસના ઈતિહાસની અદ્‌ભુત ઝાંખી થઈ. અંદાજે ૩ કલાકના સમયમાં અક્ષરપુરુષોત્તમ સંસ્થા અને ગુણાતીત સમાજના ઈતિહાસમાં ૧૯૪૭ થી ૧૯૬૧, ૧૯૬૧ થી ૧૯૬૬ ને ૧૯૬૬ થી આજ પર્યંતના ત્રણ તબક્કાઓના ઈતિહાસની સહુને અલ્પ અતીત યાત્રા થઈ જે બદલ સહુ ખૂબ રોમાંચિત થયા.

★ **જય હો, જય હો, સ્વામી ! તમારી જય હો, નિર્મળસ્વામી, જ્ઞાન, માધવની જય હો...**

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ, અ.મૂ.અ.મૂ. સદ્. ગુણાતીતાનંદસ્વામી, સર્વે ગુણાતીત સત્પુરુષો અને અનેક સંતો–મહંતોની પાવન ચરણરજથી ધન્ય થયેલ સૌરાષ્ટ્રની ધન્ય ધરામાં ભાવનગર જિલ્લામાં સારંગપુર નજીકના મહા શુભ **તીર્થસ્થાન સમઢિયાળાના 'યોગીધામ' સંકૂલ**ના આંગણે **શનિવાર, તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૧** તથા **રવિવાર, તા. ૧ જાન્યુઆરી, ૨૦૧૨** દરમ્યાન યોજાયેલ **'શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ મહોત્સવ'**માં 'અક્ષરધામ' મંદિર, પવઈ, મુંબઈના કેન્દ્ર દ્વારા પ્રસ્તુત ભજન 'હરિધામ'ના સંગીત વૃંદના સંતોએ તા. ૧લીએ સમૈયાની પૂર્ણાહુતિ વખતે ભક્તિભાવ અને ઉમંગથી રજૂ કર્યું ત્યારે સમગ્ર વાતાવરણમાં તેની ઉપર મુજબની ધ્રુવપંક્તિઓ રેલાઈ રહી અને ઉપસ્થિત હજારો હરિભક્તોના હૃદયમાં અંકિત થઈ ગઈ.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આશ્રિત ભક્તજનોને અતિ કરુણા કરી જે **'સ્વામિનારાયણ' મહામંત્ર** પ્રદાન કર્યો તેની **૨૧૧મી જયંતી, બ્ર.સ્વ. યોગીજી મહારાજની દીક્ષાની શતાબ્દી** તથા તેમના અત્યંત પ્રિય અને પ.પૂ. કાકાજી, પ.પૂ. પપ્પાજી, પ.પૂ. પ્રમુખસ્વામીજી, પ.પૂ. મહંતસ્વામીજી, પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી, પ.પૂ. અક્ષરવિહારીસ્વામીજી, પ.પૂ. સાહેબ, પ.પૂ. હરિભાઈ સાહેબ તથા સહુ ગુણાતીત જ્યોતિર્ધરોના પરમ લાડીલા આત્મસખા સંતવર્ય **પ.પૂ. નિર્મળ સ્વામીજીની દીક્ષાની હીરક જયંતી** ઉપલક્ષે આયોજિત આ મહોત્સવમાં ઉપસ્થિત હરિભક્તોના હૈયે જાણે ભક્તિ, આનંદ અને માહાત્મ્યનો સાગર હિલોળે ચઢ્યો.

મહોત્સવનો મંગલ પ્રારંભ જ અનોખો અને અદ્‌ભુત હતો. 'યોગીધામ' મંદિરના આંગણેથી **સ્વામિનારાયણ મહામંત્ર પોથી** તથા **શ્રીમદ્ ભાગવત ગ્રંથની પોથીની ભવ્ય શોભાયાત્રા**નું મુખ્ય આકર્ષણ જ સૌરાષ્ટ્રની જાતવંત ઘોડી અને તેના પર આરુઢ થયેલ તરુણ વયના અસવાર **શ્રીજીમહારાજની સુપ્રસિદ્ધ 'માણકી' ઘોડી** અને **'ભગવાન સ્વામિનારાયણ'**ના પ્રતીકરૂપે સૌના આકર્ષણ અને આનંદનું નિમિત્ત બન્યા હતાં.

'માણકી' ઘોડી પર આરુઢ 'મહારાજ'ની પાછળ વિશિષ્ટ રીતે સુશોભિત ગાડીમાં સ્વામીજી પધાર્યા ત્યારે મંચ પરથી મહોત્સવ અધ્યક્ષ નિર્મળસ્વામીજી, વડીલ સંતો, દિનકરભાઈ તથા અન્ય વડીલો અને મહાનુભાવોએ એમને હૃદયના ઉમળકાથી વધાવ્યા. મંચ પર જ ચાર પાઈ પર 'માણકી'ની કેટલીક વિસ્મયકારી કલાઓ પ્રસ્તુત થઈ ને જાણે માણકીએ પણ સ્વામીજીને ડોકું નમાવી પ્રણિપાત કર્યા. સ્વામીજીએ મંચ ઉપર પોતાનું આસન ગ્રહણ કરતા પહેલા પ્રથમ ઠાકોરજીને

અને પછી 'માણકી પર આરુઢ મહારાજ'ને નીચા નમી પ્રણામ કર્યા ત્યારે 'પ્રતીક' મહારાજને પણ સાક્ષાત્ મહારાજના ભાવથી નીરખવાની એમની માહાત્મ્યસભર દૃષ્ટિ અને દાસત્વભક્તિને સહુ વંદી રહ્યા.

હરિધામના સંગીત વૃંદના સંતો દ્વારા ભાવસભર ધૂન અને ભજન પછી આત્મીય સ્વજન પ.ભ. મહેશભાઈ ગઢવીએ ગુણાતીત સમાજના તમામ કેન્દ્રોમાંથી પધારેલા સહુ જ્યોતિર્ધરો, સંતો, સાધક ભાઈઓ, બહેનો, પરદેશથી પધારેલા ભક્તો તથા અતિથિઓ અને ભક્તસમુદાયનું ભાવભર્યું સ્વાગત કર્યા બાદ **પાલીતાણા, કાલભૈરવ પીઠના મહંતશ્રી પૂ. રમેશભાઈ શુક્લ**એ શ્રીમદ્ ભાગવત ગ્રંથની પારાયણનો અમૂલ્ય લાભ આપ્યો.

સ્થાનિક ધારાસભ્ય અને ગુજરાત સરકારના વરિષ્ઠ મંત્રી આદરણીય શ્રી સૌરભભાઈ પટેલ તથા ભજનાનંદ આશ્રમ, બોટાદના મહંતશ્રી પ.પૂ. આત્માનંદ સરસ્વતીજીનાં પ્રેરણાદાયી પ્રવચનો બાદ પ.પૂ. સ્વામીજીએ એમના અમૃત આશિષનો લાભ આપ્યો.

સાંજના દ્વિતીય સત્રમાં ભાગવત પારાયણ બાદ સોનગઢના મહંતશ્રી કિશોરબાપુ તથા શ્રી સૌરાષ્ટ્ર નિમ્બાર્ક પીઠ, લીંબડીના મહંત પ.પૂ.શ્રી લલિતકિશોરશરણદાસ (લાલદાસબાપુ)એ મનનીય પ્રવચન કરી સહુ શ્રોતાઓને સુંદર પ્રેરણા આપી.

રાત્રે ૯ થી ૧૦.૩૦ દરમ્યાન સંપન્ન થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં લાઠીદડના આત્મીય સ્વજન પ.ભ. નરસિંહભાઈ ઝાંખણિયાના ઉત્સાહી સુપુત્ર નરેન્દ્રભાઈ અને સાથીઓએ યોગીબાપાની સાધુતા, તિતિક્ષા, કરુણા, ગુરુભક્તિ, દાસત્વ વગેરે ગુણોની ઝાંખી કરાવતાં ત્રણ પ્રસંગો અદ્‌ભુત કલા અને ભક્તિથી રજૂ કરી સહુની આંખો અને હૃદય ભીંજવી દીધાં. રાજકોટના પ્રસિદ્ધ નાટ્યલેખક શ્રી દેવેનભાઈ શાહ દ્વારા લિખિત ઉપરોક્ત સંવાદોના લેખનમાં પૂ. ત્યાગવલ્લભસ્વામી તથા દિગ્દર્શન અને પ્રસ્તુતિમાં પૂ. દાસસ્વામીએ ખૂબ જ અમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું. નરેન્દ્રભાઈ અને તેમના સાથીઓએ સદ્. પ્રેમાનંદસ્વામી રચિત પ્રસિદ્ધ ભજન 'દિખલા દીદાર પ્યારા' કવ્વાલી સ્વરૂપે વેશભૂષા સાથે પ્રસ્તુત કરી સહુની ચાહના મેળવી. સૌરાષ્ટ્રના જ પ્રસિદ્ધ અને ભાતીગળ તરણેતરના મેળાના કલાત્મક રાસ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ.

**રવિવાર, તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૨**એ મહોત્સવના અંતિમ સત્રમાં ભાગવત કથાની પૂર્ણાહુતિ થઈ જેના સમાપનમાં રમેશભાઈ શુક્લએ કહ્યું હતું કે, હું વ્યાસપીઠ જેવા પવિત્ર આસન પરથી ખૂબ જ સભાનપણે મારા અંતરની અનુભૂતિની સત્ય વાત રજૂ કરી રહ્યો છું કે અત્યાર સુધી કરેલી ૫૯૦ કથામાં મને જે આનંદ અને શાંતિ નથી મળ્યાં તે અહીં ફક્ત દોઢ જ દિવસમાં પ્રાપ્ત થયાં છે, જે સ્વામીજીની દિવ્ય સંનિધિ અને રાજીપાનું અદ્‌ભુત ફળ છે. બંને દિવસ દરમ્યાન પોતાની ભાવવાહી રસમય શૈલીમાં વિવિધ દૃષ્ટાંતો, લોકપ્રિય ભજનોની કડીઓ અને સાખીઓ રજૂ કરી સહુ શ્રોતાઓને તેમણે ભક્તિસાગરમાં તરબોળ કર્યા હતા.

ત્યાર બાદ નરેન્દ્રભાઈ ઝાંખણિયા અને સિદ્ધાનંદ આશ્રમના વિદ્વાન યુવા શાસ્ત્રી પૂ. હરિસ્વરૂપસ્વામીજીના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ નિર્મળસ્વામીજીએ તેમની સચોટ અને જોશીલી શૈલીમાં સહુના અંતરને ઢંઢોળી જાગૃત કરી દે એવા વક્તવ્યથી શ્રોતાઓને અભિભૂત કરી દીધા. તેમણે સામાન્ય જનસમાજની સંતો પ્રત્યેની ભ્રમણાઓ અને ગેરસમજણનો છેદ ઉડાડતા વેધક શૈલીમાં સહુને મીઠા ચાબખા મારતા કહ્યું હતું કે આજના સંતો તમામ કળાઓમાં નિપુણ છે, ખેતીવાડીથી લઈ ખગોળશાસ્ત્રની વિદ્યાઓમાં પારંગત છે. યુવાનોએ લક્ષ્મી, વૈભવ, પ્રતિષ્ઠા બધું છોડીને ભેખ લીધો છે. તેમની તરફ ઉપેક્ષા કે અણગમાની દૃષ્ટિથી વર્તાવ કરીશું તો ભગવાનના ગુનેગાર લેખાઈશું. સ્વામીજી, અક્ષરવિહારીસ્વામીજી, સાહેબ, દિનકરભાઈ જેવા ભગવત્‌સ્વરૂપ સંતોની ગોદ સ્વીકારીશું તો જીવન સર્વાંગી સુખી થઈ જશે.

ગુણાતીત સમાજનાં તમામ કેન્દ્રો અને સંસ્થાઓ દ્વારા પુષ્પમાળાઓ, શાલ, મૂર્તિઓ વગરે નિર્મળસ્વામીજીને અર્પણ થયાં. નિર્મળસ્વામીજીને સમર્પિત મુંબઈ અને અમદાવાદના ભક્તો તથા અન્ય ભક્તો દ્વારા પણ નોંધપાત્ર સેવા અર્પણ થઈ. પ.પૂ. સાહેબના પ્રેરણાદાયી આશિષ બાદ પવઈ મંડળ વતી નિર્મળસ્વામીજીને એક સુંદર પ્રશસ્તિ પત્ર અર્પણ થયું. ત્યાર બાદ પવઈ મંડળ તરફથી જ રચિત ભજન 'જય હો, જય હો, જય હો..' હરિધામના સંતોએ અદ્‌ભુત લય અને ઉમંગથી પ્રસ્તુત કરી સૌનાં દિલ જીતી લીધાં !

પૂર્ણાહુતિમાં લગભગ એક કલાક સુધી ખૂબ જ મનનીય અને પ્રેરણાદાયી આશિષ દ્વારા સ્વામીજીએ નિર્મળસ્વામીજી, જ્ઞાનસ્વરૂપસ્વામીજી તથા માધવચરણસ્વામીજીનું સુંદર માહાત્મ્ય દર્શન કરાવ્યું. ગોંડલના કોઠારી તરીકે નિર્મળસ્વામીજીએ કરેલ સેવા તથા તેમના અને યોગીજી મહારાજના વિશિષ્ટ સંબંધને સંભારી એવો અદ્વિતીય વિશિષ્ટ સંબંધ પોતાના ગુરુ તથા ભગવદી અને વડીલ સાથે કરવા સહુને સૂચન કર્યું.

સમગ્ર સમૈયાના આયોજનમાં હરિધામથી પૂ. પ્રેમસ્વરૂપસ્વામી, પૂ. દાસસ્વામી, પૂ. મોટાસ્વામી, પૂ. ત્યાગવલ્લભસ્વામી, પૂ. હરિપ્રકાશસ્વામી, પૂ. જ્ઞાનસ્વરૂપસ્વામી, પૂ. સરલસ્વામી તથા સંતો, સહિષ્ણુ સેવકો, ભક્તિ આશ્રમનાં બહેનો અને અંબરીષ સમાજના પરિવારો, ગુણાતીત જ્યોતનાં બહેનો, પવઈ મંડળના યુવકો, આજુબાજુનાં મંદિરો–આશ્રમોના સંચાલકો, બોટાદ, કારિયાણી, લાઠીદડ, સમઢિયાળા નગર પાલિકાના સ્થાનિક કર્મચારીઓ, વિધવિધ વિભાગના અધિકારીશ્રીઓ તથા સમઢિયાળા મંદિર અને સંતો પ્રત્યે અદ્‌ભુત સમર્પણથી જોડાયેલા પ.ભ. કાનજી ભગત, પ.ભ. પરેશભાઈ પરમાર, પ.ભ. હસમુખભાઈ મિસ્ત્રી, પ.ભ. પ્રવિણભાઈ જરીવાલા અને અન્ય ભક્તો અને તેમના પરિવારોએ અપ્રતિમ માહાત્મ્ય અને ભક્તિથી તન– મન–ધનથી અદ્‌ભુત સહકાર આપ્યો, જેથી સમઢિયાળા મંદિરના ઈતિહાસમાં આ મહોત્સવ સુવર્ણ અક્ષરે અંકિત થઈ સહુને માટે દિવ્ય સ્મૃતિનું અણમોલું નજરાણું બની રહ્યો !

પ.પૂ. હરિભાઈ સાહેબની ત્રયોદશીની મહાપૂજામાં દિનકરભાઈ, બાપુ, અશ્વિનભાઈ તથા ભક્તો તા. ૨૯મીએ માણાવદર પધાર્યા અને તેમને ભાવભરી અંજલિ અર્પી. ત્યાંથી તા. ૩૦મીએ સહુ સમઢિયાળા પધાર્યા. પવઈથી ભરતભાઈ, વશીભાઈ, રાજુભાઈ ઠક્કર અને ૫૦ થી વધુ ભક્તો તા. ૨૯ અને ૩૦મીએ ગઢડા, સારંગપુર, ગોંડલ, કુંડળ, કારિયાણી વગેરે તીર્થસ્થાનોમાં દર્શન કરી તા. ૩૦મીએ સાંજે સમઢિયાળા પધાર્યા અને મહોત્સવમાં ઉમંગભેર સામેલ થયા.

સમૈયા દરમ્યાન મંચ પરથી વહેલ પરાવાણીનાં પ્રેરણાદાયી અમૃત બિંદુઓ...

**પ.પૂ. સ્વામીજી :**

- વાણીથી નાપાસ ન થાય એવા વિરલા કોઈક જ હોય, દરેક વ્યક્તિએ પોતાના ઘરેથી જ પ્રારંભ કરી સહુ ભક્તો સાથે માહાત્મ્યસભર વિવેકથી જીવવાનું છે.
- શિવાજીની રક્ષા રામદાસજીએ કરી, અર્જુનની રક્ષા કૃષ્ણ ભગવાને કરી એમ જીવનમાં નિઃસ્વાર્થ અને સમર્થ સંત થકી જ આપણું જીવન સાચે માર્ગે રહેશે.
- સંત પાસે સરળ રહેવાથી ને એમના આશિષથી જીવન ધન્ય બને છે.
- વચ.ગ.પ્ર. ૨૭, ૩૭, ૬૨ પ્રમાણે સમજણ દૃઢ કરી સંબંધ બાંધવાથી ખૂબ જલદીથી ભૂલકુંની યાત્રા પૂરી થશે.
- સત્પુરુષ કે ભગવદી સંત વઢે–ટોકે ને તેનો સકારાત્મક દૃષ્ટિથી (Positive Attitude)થી સ્વીકાર કરીએ તો તેમની દૃષ્ટિ પડી જાય, રાજીપો મળી જાય.

**પ.પૂ. સાહેબ (અનુપમ મિશન) :**

- આપણે જેને ફાંટા તરીકે જોઈએ છીએ એ વાસ્તવમાં વિકાસનો ક્રમ છે. આખા દેશમાં એક જ ડૉક્ટર હોય તો કેવી હાલત થાય ? તેમ અનેક જીવોનાં કલ્યાણ માટે આવી સંસ્થાઓ–આશ્રમોની વિવિધ શાખાઓ વિસ્તાર પામે તે જરૂરી છે.
- આપણે જ્યાં પણ જઈએ ત્યાં હંમેશાં ગુણગ્રાહી દૃષ્ટિ જ રાખવી. (દિલ્હીથી પૉંડિચેરી ગયા હોઈએ તો ત્યાં જઈ ત્યાંની ગંદકી કે ગટરો જોવામાં સમય બરબાદ કરવાને બદલે ત્યાંના પ્રેરણાદાયી સ્થાનો ને આશ્રમો જોઈને સ્મૃતિ કાયમ કરવી.)

**ભાગવત કથાકાર પૂ. રમેશભાઈ શુક્લ :**

- જ્યાં તારું–તારું છે ત્યાં રામાયણ છે, જ્યાં મારું–મારું છે ત્યાં મહાભારત છે અને જ્યાં તારું કે મારું નથી પણ સર્વ કાંઈ પ્રભુનું છે ત્યાં શ્રીમદ્ ભાગવત છે.
- સંતોને માપવાને બદલે તેમને પામવામાં પ્રયત્નશીલ રહેવું.
- સંતો હરેક પરિસ્થિતિમાં પ્રભુનો ઉપકાર માને છે, ધન્યતા અનુભવે છે.

**પૂ. આત્માનંદ સરસ્વતીજી :**

- દૃઢ વિચાર થયા પછી આચારમાં આવશે તે જ સદાચાર બનશે, પછી પ્રચારની જરૂર રહેશે નહિ.
- કરોડો પુસ્તકો વાંચવા કરતાં પોતાના મનોવ્યાપારને વાંચી પોતાનું વર્તન શુદ્ધ અને યથાર્થ કરવા પ્રયત્ન કરજો.
- મનોરંજન કરવું સહેલું છે, ભીડ ઊભી કરવી અઘરી નથી પરંતુ બિનશરતી સમર્પણ કરવું અઘરું છે.
- જેનો નિર્ણય અફર, એની સફર સફળ.

**પૂ. લાલદાસબાપુ :**

- સંપ્રદાય એ ધર્મ નથી, પણ ધર્મ સુધી પહોંચવાનો માર્ગ છે. સંપ્રદાયનો કદાચ નાશ થાય પણ ધર્મનો નાશ થતો નથી.
- યુવકો વ્યસનથી અને બહેનો ફૅશનથી દૂર રહેશે તો ઘણી બરબાદીથી બચી શકાશે.
- સંતોના યોગમાં રહેવાથી જ જીવનને સાચી દિશા મળશે.

# चलो दिल्ली...

**दिनाँक 3-4-5 फरवरी, 2012 के शुक्र-शनि-रविवार को**
**गुरुवर्य ब्रह्मस्वरुप शास्त्रीजी महाराज गुरुवर्य ब्रह्मस्वरुप योगीजी महाराज के**
**लाडले दिव्य मानस सपूत, बृहद् गुणातीत समाज के अजोड सर्जक एवं**
**हम सभी के प्राणाधार गुरुहरि ब्रह्मस्वरुप काकाजी महाराज के**
**ऐतिहासिक और अपूर्व साक्षात्कार की हीरक जयंती महोत्सव और इसी के अंतर्गत**
**ब्रह्मस्वरुप योगीजी महाराज द्वारा दीक्षित**
**ब्रह्मस्वरुप काकाजी महाराज एवं सभी गुणातीत स्वरुपों के लाडले व**
**हम सभी के आदर्श, सुहृद, पथप्रदर्शक प.पू. गुरुजी का 75वाँ प्राकट्यदिन मनाने...**

## योगी परिवार हीरक आनंदोत्सव कार्यक्रम

**(स्थल : तीन फरवरी पार्क में 'कल्पवृक्ष' के नीचे)**

| | |
|---|---|
| **2 फरवरी 2012, गुरुवार** | **साक्षात्कार दिन की पूर्वसंध्या** |
| सायं 5:00 से 9:00 | ब्रह्मस्वरुपिणी स्त्रीशक्ति की निश्रा में महिला सम्मेलन |
| | प.पू. काकाजी और प.पू. पप्पाजी की अभिवंदना |
| | वडील बहनों की निश्रा में सत्संग सभा |
| **3 फरवरी 2012, शुक्रवार** | **साक्षात्कार की हीरक जयंती** |
| सुबह 9:00 से 12:30 | दिल्ली मंदिर का पाटोत्सव और कलशविधि की महापूजा |
| **स्थल-मंदिर का हॉल** | संतो - स्वरुपों के आशीर्वाद |
| | मंदिर की कलशविधि और ध्वजारोहण |
| सायं 5:00 से 9:00 | ब्रह्मस्वरुप काकाजी महाराज के साक्षात्कार की हीरक जयंती की सभा |
| **4 फरवरी 2012, शनिवार** | |
| सुबह 9:00 से 12:30 | प्रत्यक्ष गुणातीत स्वरुपों की निश्रा में अध्यात्म शिबिर |
| सायं 5:00 से 9:00 | नृत्यउर्वशी सौ. प्राची शाह - पंड्या द्वारा नृत्य |
| | गुरु-शिष्य के अनूठे संबंध और 'शक्तिपात' का दर्शन करवाता प्ले |
| | 'अर्चिमार्ग की ओर...' |
| **5 फरवरी 2012, रविवार** | **प.पू. गुरुजी का 75वाँ प्राकट्य दिवस** |
| सुबह 9:00 से 12:30 | प्रत्यक्ष गुणातीत स्वरुपों की निश्रा में अध्यात्म शिबिर |
| सायं 5:00 से 9:00 | हम सभी के प्रिय गुरुजी के 75वें प्राकट्य दिन का उत्सव |
| | 'योगी परिवार हीरक आनंदोत्सव' पूर्णाहुति |

Printed Matter - Book Post

From
**YOGI DIVINE SOCIETY**
6/D, Sonawala Bldg., Tardeo, Mumbai - 400 007, Tel : 2380 2527 / 2381 9462
'Akshardham', Swaminarayan Temple, Near Hiranandani Hospital,
Powai, Mumbai - 400 076, Ph: 2578 2151 / 2579 4314, Email : isrc@kakaji.org, isrc9@rediffmail.com